# ભારતીય જનતા યુવા મોરચો

## સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૬/૦૧/૨૦૧૮

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા સામાજીક સમરસતા તિરંગા યાત્રા યોજાઈ.**
- **"ભારત માતા કી જય" અને "વંદે માતરમ્" ના ગગનચૂંબી નારાઓથી સમગ્ર વાતાવરણ દેશપ્રેમના રંગમાં રંગાઈ ગયું.**
- **તિરંગા યાત્રાએ સૌ કોઈમાં રાષ્ટ્રહિત, સમરસતા અને દેશ પ્રત્યેની પોતાના કર્તવ્યની ભાવના જાગૃત કરી.**
- **મહાનગરમાં તિરંગા યાત્રા જેમ જેમ આગળ વધતી ગઈ તેમ લોકો સ્વંયભૂ યાત્રામાં જોડાયા.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર યુવા મોરચાના અધ્યક્ષ શ્રી મહેન્દ્ર દેસાઈ તથા મહામંત્રીઓ શ્રી મોનિલ ઠાકર અને શ્રી પંકજ તિવારી એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

# ભારતીય જનતા યુવા મોરચો

## સુરત મહાનગર

‘‘પંડિત દીનદયાળ ભવન’’, ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

આજે સમગ્ર દેશ ૬૯મો ‘‘પ્રજાસતાક દિન’’ મનાવી રહ્યો છે ત્યારે શહેર ભાજપ યુવા મોરચાએ દેશપ્રેમના આ પર્વની અનોખી રીતે ઉજવણી કરી હતી. યુવા મોરચા દ્વારા આજ રોજ ૨૬મી જાન્યુઆરી ‘‘પ્રજાસતાક દિન’’ નિમિત્તે સામાજીક સમરસતા તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરાયું હતું. ઉધના સ્થિત ભાજપાના મુખ્ય કાર્યાલયથી તિરંગા યાત્રાએ પ્રસ્થાન કર્યુ હતું અને આ યાત્રા મહાનગરના મુખ્ય માર્ગો પર ફરી હતી. યાત્રા દરમ્યાન યુવા મોરચાના હજારો કાર્યકર્તાઓ બાઈક રેલીમાં જોડાયા હતા. ‘‘ભારત માતા કી જય’’ અને ‘‘વંદે માતરમ્’’ ના ગગનચૂંબી નારાઓથી સમગ્ર વાતાવરણ દેશપ્રેમના રંગમાં રંગાઈ ગયું હતું. તિરંગા યાત્રા મહાનગરમાં જેમ જેમ આગળ વધતી ગઈ તેમ લોકો સ્વંયભૂ યાત્રામાં જોડાયા હતા. તિરંગા યાત્રાએ સૌ લોકોમાં રાષ્ટ્ર હિત, સમરસતા અને દેશ પ્રત્યેની કર્તવ્યની ભાવના જાગૃત કરી હતી.

